**નંબર–૩**

**નોટિસ પેપર ભાગ–૨**

**વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો ઉપરના સુધારા**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**આઠમું સત્ર**

**મંગળવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬**

**બિન સરકારી સંકલ્પ ઉપરના સુધારા :**

**માનનીય સભ્યશ્રી અમુલ ભટ્ટના "ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્કલેવ–૨૦૨૩"ને લગતાં સંકલ્પ ઉપરના સુધારા:–**

**માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાના સુધારા**

(૧) સંકલ્પની સાતમી લીટીમાં "સ્થાપના કરવામાં આવે." એ શબ્દ પછી તુરત જ નીચેના શબ્દો ઉમેરવામાં આવે.

"રમતગમત ક્ષેત્રમાં રાષ્ટ્રીય કક્ષાએ એક મંચ બનાવવાના પ્રયાસો સાથે સાથે જો ગુજરાતના દરેક જીલ્લાઓ, તાલુકાઓ અને નગરપાલિકાઓમાં જરૂરી માળખાકીય અને સાધન સુવિધાયુક્ત રમતગમતના મેદાન બનાવવામાં આવે તેમજ સરકારી શાળામાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે જેથી રાજ્યમાં સારા રમતવીરો તૈયાર કરી શકાશે અને એક મંચ બનાવવાનો હેતુ સાર્થક થશે."

(૨) સંકલ્પની છેલ્લેથી બીજી લીટીમાં "કાર્યાન્વિત કરવા" એ શબ્દ પછી તુરત જ નીચેના શબ્દો ઉમેરવામાં આવે.

", દરેક તાલુકા અને નગરપાલિકામાં રમતગમતનું ગ્રાઉન્ડ બનાવવા, દરેક ગ્રાઉન્ડમાં રમતગમતના પૂરતાં સાધનો ઉપલબ્ધ કરાવવા, રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે પ્રોત્સાહક ઇનામ આપવા, સરકારી શાળાઓમાં રમતગમતના કાયમી શિક્ષકોની ભરતી કરવા તેમજ રમતગમતના સાધનો ઉત્પાદન કરતા ઉદ્યોગકારોને કરમાં રાહત આપવા"

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**